# સ્પેન ક્વાર્ટર ફાઇનલમાં : રોનાલ્ડોનું સપનુ અધુરું જ રહ્યું



**મિકેલ** મેરિનોના અંતિમ સમયે કરેલા ગોલથી સ્પેને પોર્ટુગલને 1-0થી હરાવ્યું

**ક્રિસ્ટિયાનો** રોનાલ્ડોની ફૂટબોલના સૌથી મોટા મંચ વર્લ્ડકપની સફરનો અંત આવ્યો

આર્લિંગ્ટન તા. 07 : સોમવારે રાત્રે અહીં રમાયેલી વર્લ્ડકપ રાઉન્ડ ઓફ 16ની એક રોમાંચક મેચમાં નિયમિત સમય સુધી બેન્ચ પર જ બેસી રહેલા મિકેલ મેરિનોએ બીજા હાફના સ્ટોપેજ ટાઈમની પહેલી જ મિનિટમાં શાનદાર ગોલ કરતા સ્પેને પોર્ટુગલને 1-0થી હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો અને આ હાર સાથે જ દિગ્ગજ ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની વર્લ્ડકપ કરિયરનો અંત આવી ગયો.

સબસ્ટીટ્યૂટ તરીકે આવેલા મેરિનોનેનીચે પાડી દેવાતા ફાઉલ જાહેર કરાયો હતો. પોર્ટુગલનો બર્નાર્ડો સિલ્વા જ્યારે અમ્પાયર સાથે દલીલ કરી રહ્યો હતો, ત્યારે જ મેરિનોએ ચપળતાથી બોલ પાછો મેળવ્યો, ગોલ તરફ દોડ્યો અને ફેરાન ટોરેસના શાનદાર પાસની મદદથી પોર્ટુગલના ગોલકીપર ડિઓગો કોસ્ટાને આસાનીથી ચાતરીને ગોલ કરી દીધો. મિકેલ મેરિનોનો આ પ્રથમ વર્લ્ડકપ ગોલ હતો અને રાષ્ટ્રીય ટીમ માટે આ તેનો 11મો ગોલ હતો.

સ્પેનની ટીમ અત્યારે સતત 35 મેચોથી અજેય છે. 2010માં પોતાનો એકમાત્ર વર્લ્ડકપ ખિતાબ જીત્યા બાદ સ્પેન પ્રથમ વખત ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યું છે. હવે શુક્રવારે કેલિફોર્નિયાના ઈંગલવૂડમાં સ્પેનનો મુકાબલો બેલ્જિયમ સામે થશે, જેણે અમેરિકાને 4-1થી હરાવ્યું છે.

બીજી તરફ, રોનાલ્ડો પોર્ટુગલને સતત બીજી વખત ક્વાર્ટર ફાઈનલમાં લઈ જવાનો પ્રયાસ કરી રહ્યો હતો. પરંતુ, ફૂટબોલના આ સૌથી મોટા મંચ પર તેની સફર હવે પૂરી થઈ ગઈ છે. રોનાલ્ડો આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં સૌથી વધુ 146 ગોલ અને સૌથી વધુ 223 મેચ રમવાનો રેકોર્ડ ધરાવે છે.મેરિનો 85મી મિનિટ સુધી મેદાનમાં આવ્યો નહોતો, પરંતુ તેની આ ચપળ રમત દર્શાવે છે કે શા માટે તેણે આ વર્ષે આર્સેનલને 20 કરતાં વધુ વર્ષો પછી પ્રીમિયર લીગનો ખિતાબ જીતવામાં મદદ કરી હતી.

મેચની 37મી મિનિટમાં પોર્ટુગલ પાસે ગોલ કરવાની શ્રેષ્ઠ તક હતી. જોઆઓ ફેલિક્સના હેડરથી બોલ સિમોનના ખભા પર વાગીને હવામાં ઉછળ્યો અને રોનાલ્ડો પાસે ગયો. રોનાલ્ડોએ જમણા પગથી કિક મારી, પરંતુ તે એટલી ધીમી હતી કે સિમોનને રિકવર થવાનો સમય મળી ગયો અને તેણે હવામાં કૂદીને બોલ પકડી લીધો.

## પોર્ટુગલની હાર બાદ રોનાલ્ડો આંસુ ન રોકી શક્યો, મેદાનમાં જ રડી પડ્યો



પોર્ટુગલની ફૂટબોલ ટીમ 2026 ફિફા વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગઈ છે. રાઉન્ડ ઓફ 16માં પોર્ટુગલનો મુકાબલો સ્પેન સામે થયો હતો. 2010ના ચેમ્પિયન સ્પેને આ મેચ 1-0થી જીતી હતી. આ હાર સાથે પોર્ટુગલ અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનું ફિફા વર્લ્ડકપ જીતવાનું સ્વપ્ન ફરી એકવાર ચકનાચૂર થઈ ગયું. સ્પેન સામે પોર્ટુગલની હાર બાદ, સ્ટાર ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અંતિમ સીટી વાગ્યા પછી તે રડી પડ્યો હતો. રોનાલ્ડોનો આ છઠ્ઠો ફિફા વર્લ્ડકપ હતો. તેણે એક પણ ટાઇટલ જીત્યું નથી. 41 વર્ષની ઉંમરે, રોનાલ્ડોની આગામી ફિફા વર્લ્ડકપમાં રમવાની શક્યતા લગભગ અશક્ય છે.

# બેલ્જિયમ સામે 4-1થી હારીને અમેરિકા વર્લ્ડકપમાંથી બહાર

**અમેરિકાની** હારની સાથે જ ફિફા વર્લ્ડકપના ત્રણેય યજમાન દેશો વર્લ્ડકપમાંથી બહાર થઇ ગયા

**બેલ્જિયમે** અમેરિકાના ડિફેન્સની નબળાઈઓનો ફાયદો ઉઠાવીને 4-1થી શાનદાર જીત મેળવી



સિએટલ તા. 07 : વર્લ્ડકપ રાઉન્ડ ઓફ 16ની એક રોમાંચક મેચમાં બેલ્જિયમે અમેરિકાને 4-1થી હરાવતાની સાથે જ આ ફૂટબોલ મહાકુંભના યજમાન એવા ત્રણેય દેશ મેક્સિકો, કેનેડા અને અમેરિકા વર્લ્ડકપમાંથી બહાર થઈ ગયા છે. અમેરિકાની વર્લ્ડકપની હારની કથા ત્યાંની તસવીરો જ કહી રહી હતી. ઈજાના કારણે મેદાન પર દર્દથી કણસતો ક્રિશ્ચિયન પુલિસિક, પોતાની ભૂલથી ભેટમાં મળેલા ગોલ બાદ માથા પર હાથ દઈને ઉભેલો મેટ ફ્રીઝ, નિરાશામાં મોં જમીન પર દબાવીને પડેલો ક્રિસ રિચાર્ડ્સને જોતા સમજાતું હતું કે અમેરિકાની વર્લ્ડકપ સફરનો અંત આવી ગયો છે.

પોતાના જ દેશમાં રમાઈ રહેલા વર્લ્ડકપમાં આગળ વધવાની અમેરિકાની આશાઓનો ત્યારે અંત આવી ગયો, જ્યારે બેલ્જિયમના ચાર્લ્સ ડી કેટેલેરેએ બે ગોલ કરીને અન્ય એક ગોલમાં મદદ કરી. સોમવારે રાત્રે રમાયેલી આ મેચમાં બેલ્જિયમે અમેરિકાના ડિફેન્સની નબળાઈઓનો ફાયદો ઉઠાવીને 4-1થી શાનદાર જીત મેળવી ક્વાર્ટર ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે.

આ મેચમાં અમેરિકાને તેના સ્ટાર ફોરવર્ડ ફોલારિન બાલોગુનની વાપસીથી ફાયદો થયો હતો. પરંતુ, અમેરિકન ડિફેન્ડર્સે પ્રથમ-હાફમાં બે ગોલ આપવાની ભૂલ કરી, અને સેકન્ડ-હાફની શરૂઆતમાં જ ગોલકીપર ફ્રીઝની મોટી ભૂલે બેલ્જિયમને ત્રીજો ગોલ ભેટમાં આપી દીધો. મેચના અંતિમ સમયમાંસબસ્ટિટ્યુટ તરીકે આવેલા રોમેલુ લુકાકુએ રિચાર્ડ્સની ભૂલનો ફાયદો ઉઠાવીને બેલ્જિયમ માટે ચોથો અને અંતિમ ગોલ કર્યો. 1990ના વર્લ્ડકપની ઓપનિંગ મેચમાં ચેકોસ્લોવાકિયા સામે 5-1થી મળેલી હાર બાદ, અમેરિકાએ વર્લ્ડકપની કોઈ એક મેચમાં આટલા બધા ગોલ ખાધા હોય તેવું પહેલીવાર બન્યું છે.

બેલ્જિયમે 12 વર્ષમાં બીજી વખત વર્લ્ડકપના રાઉન્ડ ઓફ 16માં અમેરિકાને હરાવ્યું છે અને પોતાની અજેય સફર 18 મેચ સુધી લંબાવી છે. હવે ક્વાર્ટર ફાઈનલમાં તેમનો સામનો શુક્રવારે કેલિફોર્નિયામાં 2010ના ચેમ્પિયન સ્પેન સામે થશે.

અમેરિકા તરફથી મલિક ટિલમેને ફર્સ્ટ-હાફની મધ્યમાં ફ્રી કિક દ્વારા ગોલ કરીને સ્કોર 1-1ની બરાબરી પર લાવી દીધો હતો. તે 1982 પછી વર્લ્ડકપમાં બે ફ્રી કિક ગોલ કરનાર પ્રથમ ખેલાડી બન્યો છે, પરંતુ અમેરિકા આ ખુશી માત્ર 61 સેકન્ડ સુધી જ ટકાવી શક્યું અને બેલ્જિયમે બીજો ગોલ કરી દીધો.

આ 48 દેશોના મોટા વર્લ્ડ કપમાં અમેરિકાએ શરૂઆતમાં ત્રણ મેચ જીતી હતી, પરંતુ બેલ્જિયમ સામે આ તેની સતત સાતમી હાર છે. યુરોપિયન ટીમો સામે અમેરિકાનો રેકોર્ડ ઘણો ખરાબ રહ્યો છે, જ્યાં છેલ્લી 12 મેચોમાંથી તેઓ 11 મેચ હાર્યા

## જીતની ઉજવણીમાં ઇંગ્લેન્ડના હેન્ડરસનનો હાથ તૂટતા વર્લ્ડકપમાંથી બહાર



મેક્સિકો સિટી, ta. 07 : ફિફા વર્લ્ડકપ 2026 ના રાઉન્ડ ઓફ 16માં મેક્સિકો સામેની જીત બાદ અનુભવી મિડફિલ્ડર જોર્ડન હેન્ડરસન ઘાયલ થતાં ઇંગ્લેન્ડને મોટો ઝટકો લાગ્યો. મેચ પછીની ઉજવણી દરમિયાન હેન્ડરસન ખરાબ રીતે પડી ગયો હતો. તેના ડાબા હાથમાં ગંભીર ફ્રેક્ચર થયું હતું, જેના માટે સર્જરીની જરૂર પડી શકે છે. આ ઈજાને કારણે તે ફિફા વર્લ્ડ કપ 2026 માંથી બહાર થઈ ગયો છે. આ મેચ દરમિયાન જોર્ડન હેન્ડરસન રમ્યો ન હતો. આમ છતાં, તેને છેલ્લી ઘડીએ યલો કાર્ડ મળ્યું હતું. મેચ પછી, તે તેની ટીમ સાથે વિજયની ઉજવણી કરી રહ્યો હતો. આ દરમિયાન, તેણે એક જાહેરાત બોર્ડ પર કૂદવાનો પ્રયાસ કર્યો. તે પોતાનું સંતુલન ગુમાવી બેઠો અને જમીન પર પડી ગયો. આ દરમિયાન, હેન્ડરસનને તેના ડાબા હાથમાં ઈજા થઈ. ઈજા પછી, તબીબી ટીમ તાત્કાલિક મેદાન પર પહોંચી અને તેને સ્ટ્રેચર પર લઈ જવામાં આવ્યો.

# વિમ્બલડન : સિનર, ગફ, કોબોલી, ફેરી સેમી ફાઇનલમાં

**સેમી** ફાઇનલમાં સિનર અને કોબોલીના સેમી ફાઇનલમાં પ્રવેશથી વિમ્બલડનમાં ઇટાલીનો દબદબો

**ગફ** પહેલીવાર વિમ્બલડનની સેમીમાં પ્રવેશી

**ફેરી** વિમ્બલડન અંતિમ આઠમાં પહોંચનાર પ્રથમ બ્રિટિશ વાઇલ્ડ કાર્ડ હોલ્ડર



લંડન, તા. 07 : ડિફેન્ડિંગ ચેમ્પિયન યાનિક સિનરે જર્મનીના જેન-લેનાર્ડ સ્ટ્રફને હરાવીને અંતિમ ચારમાં પોતાનું નામ લખાવી દીધું છે જ્યારે મહિલા સિંગલ્સમાં કોકો ગફે જોરદાર વાપસી કરી અને જેસિકા પેગુલાને ત્રણ સેટની લડતમાં હરાવીને પોતાની પહેલી સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. આ તરફ અન્ય ઈટાલિયન ફ્લેવિયો કોબોલીએ એલેક્સ ડી મિનૌરને હરાવીને અંતિમ ચારમાં પ્રવેશ કર્યો હતો, જ્યાં તેનો મુકાબલો બ્રિટિશ વાઈલ્ડ કાર્ડ હોલ્ડર આર્થર ફેરી સાથે થશે.

સિનરે જાન લેનાર્ડ સ્ટ્રફને 7-5, 7-6 (4), 6-3 થી હરાવ્યો હતો. જ્યારે ગફે ચોથી ક્રમાંકિત પેગુલાને એક કલાક અને 48 મિનિટમાં 4-6, 6-3, 6-3થી હરાવી હતી. પોતાની મેચના પહેલા જ મેચ પોઈન્ટ પર, ફ્લેવિયો કોબોલીએ આગળ વધીને વિમ્બલ્ડનના કોર્ટ નંબર ૧ પર 'T' લાઈન પર ૧૩૫ માઈલ પ્રતિ કલાકની ઝડપે એક જોરદાર સર્વ કરી જેને ડી મિનોર માંડ અડી શક્યો અને જીત મળતા જ કોબોલીએ હવામાં કૂદકો મારીને પોતાની મુઠ્ઠી હવામાં લહેરાવી. તે પછી કોબોલીએ પોતાનું રેકેટ નીચે મૂક્યું, કોર્ટની બરાબર વચ્ચે જઈને ફૂટબોલ જગતના ક્રિસ્ટીયાનો રોનાલ્ડોની સૌથી પ્રખ્યાત ઉજવણીની સ્ટાઈલ નકલ કરી હતી.

# અફઘાનિસ્તાનના દિગ્ગજ ઝડપી બોલર શાપૂર ઝદરાનનું નિધન

**શાપૂરનુ** 39મા જન્મદિનના એક દિવસ પહેલાં દુર્લભ રોગને કારણે નિધન થયું

**અફઘાનિસ્તાન** ક્રિકેટનો પાયો નાખનારા મુખ્ય ખેલાડીઓમાંથી એક શાપૂરે 44 વન ડે અને 36 ટી-20 રમી





નવી દિલ્હી તા. 07 : અફઘાનિસ્તાનના ફાસ્ટ બોલર શાપૂર ઝદરાનનું તેના ૩૯મા જન્મદિવસના બરાબર એક દિવસ પહેલાં નિધન થયું છે. તે 'હેમોફેગોસાઈટિક લિમ્ફોહિસ્ટિઓસાયટોસિસ' (HLH) સિંડ્રોમ નામની રોગપ્રતિકારક શક્તિને નબળી પાડતી એક દુર્લભ બીમારી સામે ઝઝૂમી રહ્યો હતો અને તેની સારવાર દિલ્હીની એક હોસ્પિટલમાં ચાલી રહી હતી. અફઘાનિસ્તાન ક્રિકેટનો પાયો નાખનારા મુખ્ય ખેલાડીઓમાંથી એક ડાબા હાથના આ ઝડપી બોલરે 2009થી 2020 વચ્ચે અફઘાનિસ્તાન માટે 44 વનડે અને 36 ટી-20 ઈન્ટરનેશનલ મેચ રમી હતી. HLH એ એક ગંભીર રોગ છે જે શરીરની રોગપ્રતિકારક શક્તિને ખોરવી નાખે છે. તેમ ચાલુ વર્ષે જાન્યુઆરી મહિનામાં સારવાર માટે દિલ્હી લવાયો હતો. મંગળવારે અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ (ACB) દ્વારા તેના નિધનની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. ACB એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર લખ્યું હતું કે અત્યંત દુઃખ અને ભારે હૃદય સાથે, અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ ભૂતપૂર્વ ફાસ્ટ બોલર શાપૂર ઝદરાનના અવસાન પર શોક વ્યક્ત કરે છે.

લાંબા અને લહેરાતા વાળ તેમજ પોતાની આગવી શૈલીથી અનેક યાદગાર જીતના સાક્ષી બનેલા 6 ફૂટ બે ઇંચ ઊંચા આ બોલર વિશે ક્રિકેટ બોર્ડે જણાવ્યું કે, શાપૂર ઝદરાન અફઘાનિસ્તાન ક્રિકેટના પાયાના સ્તંભ હતા, જેમ સમર્પણ, જુસ્સો અને રમત પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાએ દેશમાં ક્રિકેટના ઉત્થાન અને વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

### શાપૂરની ક્રિકેટ કરિયર પર એક નજર

» 2015ના વન ડે વર્લ્ડકપમાં શાપૂર ઝદરાન 10 વિકેટ સાથે અફઘાનિસ્તાનનો સૌથી સફળ બોલર રહ્યો હતો.

» ઓગસ્ટ 2009માં નેધરલેન્ડ સામે વન ડે ડેબ્યૂ મેચમાં જ તેણે 24 રન આપીને 4 વિકેટ ઝડપી હતી, જે તેમનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન હતું. તેણે કુલ ૪૪૪ વનડેમાં 43 વિકેટ લીધી હતી.

» 36 આંતરરાષ્ટ્રીય ટી-20 મેચમાં તેણે 37વિકેટ લીધી હતી. જૂન 2018માં દેહરાદૂન ખાતે બાંગ્લાદેશ સામે 40 રન આપીને 3 વિકેટ તેનું શ્રેષ્ઠ પ્રદર્શન

## સુડોકુ ૭૦૯૦ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | ૬ | ૭ | ૯ | ૨ | | ૮ |
| ૨ | | | | ૩ | ૪ | | | ૭ |
| ૭ | ૬ | | ૧ | | | | ૪ | ૩ |
| | ૮ | | ૯ | ૪ | ૧ | ૬ | | ૨ |
| | ૭ | ૧ | ૨ | ૮ | | ૪ | | ૫ |
| ૯ | | | ૭ | ૫ | ૬ | | ૩ | ૧ |
| | | | ૮ | | | | ૫ | ૪ |
| ૮ | | ૭ | | ૯ | ૫ | ૧ | ૨ | |
| ૩ | ૫ | | | | | ૭ | ૮ | |

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### વિષહર દ્રવ્ય

ચોળાઈની ભાજી મૂળ સહિત છૂંદીને કાઢેલો 30 મીલી રસ સવાર સાંજ પીવો.

## અનુસંધાન... પાના પહેલાનું

### સુરત...

આવેલા પૂરે સુરતની હાલત ખરાબ કરી નાખી હતી. ભારે વરસાદ અને તેને કારણે પાણી ભરાઈ જતાં સુરત શહેરની સાથે આખા જિલ્લામાં જનજીવન ખોરવાઈ ગયું હતું. કામરેજમાં પડેલા ભારે વરસાદને કારણે નેશનલ હાઈવે બંધ થઈ જતાં વાહનચાલકો અટવાયા હતા. હવામાન વિભાગે આગામી બે દિવસ માટે પણ દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી યથાવત રાખી છે. સેટેલાઇટ તસવીરોમાં દક્ષિણ ગુજરાત પર ગાઢ કાળા વાદળો છવાયેલા જોવા મળતા વરસાદી સિસ્ટમ હજુ સક્રિય હોવાનું સ્પષ્ટ થાય છે. તેથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા, નદી-નાળાઓમાં જળસ્તર વધવા અને વાહનવ્યવહાર પર અસર થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. વહીવટી તંત્ર પણ સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને જરૂરી તકેદારી રાખવા લોકોને અપીલ કરવામાં આવી છે.

### ભારત અને...

નેતાઓએ આંતરરાષ્ટ્રીય કાયદા અને દરિયાઈ સરહદોના સન્માન પર ભાર મૂક્યો હતો.

**UPI અને ઈલેક્ટ્રિક વ્હીકલ સેક્ટરમાં ભાગીદારી:** ભારતીય પેમેન્ટ સિસ્ટમ UPI ટૂંક સમયમાં ઇન્ડોનેશિયાના પેમેન્ટ નેટવર્ક સાથે જોડાશે. આ સિવાય ભારત ઇન્ડોનેશિયામાં સ્ટીલ, નિકલ અને ઇલેક્ટ્રિક વ્હીકલ (EV) ના મોટર માટે જરૂરી રેર અર્થ મેગ્નેટના ઉત્પાદનમાં મોટું રોકાણ કરશે.

**IIM બેંગલોરનું નવું કેમ્પસ:** શિક્ષણ ક્ષેત્રે મોટો નિર્ણય લેતા ઇન્ડોનેશિયામાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (IIM) બેંગલોરનું નવું કેમ્પસ શરૂ કરવામાં આવશે.

### અમદાવાદ સિરિયલ...

હોવાથી આ ચુકાદાને વિશેષ મહત્વ આપવામાં આવી રહ્યું છે. ગુજરાત હાઈકોર્ટે પોતાના ચુકાદામાં મૃતકોના આશ્રિત પરિવારોને રૂ. 10 લાખનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે. આ ઉપરાંત ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા લોકોને રૂ. 5 લાખ અને અન્ય ઈજાગ્રસ્તોને રૂ. 1 લાખનું વળતર 31 માર્ચ, 2027 સુધીમાં ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે. આ કેસમાં ગુજરાત હાઈકોર્ટની વિશેષ ડિવીઝન બેંચે માર્ચ 2025થી દૈનિક ધોરણે સુનાવણી હાથ ધરી હતી. રાજ્ય સરકાર અને બચાવ પક્ષની વિસ્તૃત દલીલો સાંભળ્યા બાદ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો હતો, જે આજે જાહેર કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે અમદાવાદ સિટી સેશન્સ કોર્ટે વર્ષ 2022માં 78 આરોપીઓમાંથી 49ને દોષિત જાહેર કર્યા હતા, જ્યારે 29 આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ મુક્ત કર્યા હતા. ત્યારબાદ 38 દોષિતોને ફાંસી અને 11ને કુદરતી મૃત્યુ સુધીની આજીવન કેદની સજા સંભળાવવામાં આવી હતી. સરકારે ફાંસીની સજાની પુષ્ટિ માટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી, જ્યારે દોષિતોએ સજા સામે અપીલ કરી હતી. 26 જુલાઈ, 2008ના રોજ અમદાવાદ શહેરના 20 અલગ-અલગ સ્થળોએ માત્ર 17 મિનિટમાં 21 શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ થયા હતા. આ ભયાનક આતંકી હુમલામાં 56 નિર્દોષ લોકોના મોત થયા હતા અને 200થી વધુ લોકો ઘાયલ થયા હતા. સમગ્ર દેશને હચમચાવી દેનારી આ ઘટનાએ આંતરિક સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીર પ્રશ્નો ઊભા કર્યા હતા. આ કેસના ચુકાદાને ધ્યાનમાં રાખીને ગુજરાત હાઈકોર્ટ પરિસરમાં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ, ડોગ સ્કવોડ અને મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા તેમજ કોર્ટ પરિસરમાં પ્રવેશતા દરેક વ્યક્તિની સઘન તપાસ કરવામાં આવી હતી.

### વાયનાડમાં ટનલ...

ફૂટેજમાં જોઈ શકાય છે કે કાદવનો આ પ્રવાહ બ્રિજ પર ઉભેલી એક ટેન્કર લોરીને ઢસડી જાય છે. રસ્તા પર દોડતા કેટલાક લોકો કાદવની ઝપેટમાં આવી જાય છે, જોકે એક પુરુષ અને મહિલા કાદવથી લથપથ હાલતમાં ચમત્કારિક રીતે બચીને બહાર નીકળતા જોવા મળે છે. કામદારોને લાવવા-લઈ જવા માટે પાર્ક કરેલી એક ખાનગી બસ પણ કાદવના જોરથી બાજુની નદીમાં ખાબકી ગઈ હતી.


**યુદ્ધના ધોરણે બચાવ કામગીરી અને રેડ એલર્ટ**

પોલીસ, ફાયર બ્રિગેડ અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) ની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. કાદવ હટાવવા માટે અર્થ-મૂવિંગ મશીનરી (JCB) નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

કાદવના જાડા સ્તરો નીચે કોઈ દબાયેલું છે કે નહીં તે જાણવા માટે રાજ્ય પોલીસના સ્નિફર ડોગ્સ (શ્વાન દળ)ની મદદ લેવાઈ રહી છે.


## શબ્દગુંફન - ૭૨૩૭

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. ઝપાટાભેર (૫)
૪. પાણી (૨)
૭. જંગલ, ઉજ્જડ પ્રદેશ (૨)
૯. હેત, લાગણી (૩)
૧૦. ભય વિનાનું (૩)
૧૨. ભૂલભરેલું (૩)
૧૩. સંભાળ, તપાસ (૨)
૧૪. અંધારું, અંધકાર (૩)
૧૬. વિદ્યુત, વીજળી (૨)
૧૮. નિરોગી (૨)
૧૯. ઋષિકપૂર-જયાપ્રદાની એક ફિલ્મ (૪)
૨૦. ચોટલો (૨)
૨૧. નમે નહિ તેવું (૪)
૨૩. એક જળચર (૩)
૨૬. આદર, સન્માન (૨)
૨૭. બાધા, આખડી (૩)
૨૮. નવલું, આશ્ચર્યકારક (૩)
૩૦. દેહ, શરીર (૨)
૩૨. પ્રતાપ, યશ (૩)
૩૩. આવ-જા (૬)

**ઊભી ચાવી**
૧. દગો, ચિંતા (૨)
૨. ગધેડો (૩)
૩.પૃથ્વી, ધરતી (૨)
૫. ખિલાડી (૫)
૬. હાર, પંક્તિ (૩)
૮. શહેર, પુર (૩)
૧૦. મોજમજા (૬)
૧૧.જૈન સાધુ (૨)
૧૫. મેળવણીથી થયેલી વસ્તુ (૩)
૧૭. દુનિયા (૩)
૧૯. સરખું, સોગન (૨)
૨૧. ઉમેદ, તીવ્ર ઇચ્છા (૪)
૨૨. નરમાશ, નમનતાઈ (૩)
૨૪. આપવું તે (૨)
૨૫. એક તેલી બી (૨)
૨૬. શોક, રડાકૂટ (૩)
૨૯. છૂટ, વેચાણ (૩)
૩૦. કાળજી, પરવા (૨)
૩૧. કાંઠો કિનારો (૨)



## આજનું પંચાંગ

**તા. 08/07/2026, બુધવાર**
**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** નિજ જેઠ
**તિથિ:** વદ: આઠમ: 12:23, બુધાષ્ટમી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ: 17
**યોગ :** અતિગંડ **કરણ:** તૈતિલ
**નક્ષત્ર :** રેવતી : 16:01
**રાશિ:** મીન (દ.ચ.ઝ.થ.) 16:01 પછી મેષ (અ.લ.ઇ.)
**દિવસ :** મિશ્ર
**સુરતમાં સૂર્યોદય :** 06:04 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:23
**નવકારસી :** 06:52
**પારસી વર્ષ :** 1395 બહમન માસનો 28મો રોજ
**મુસલમાન વર્ષ:** 1448 મોહરમ માસનો 22મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
રાહુકાળ: બપોરે 12:00 થી 13:30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** કોર્ટ કચેરીમાં અવરોધ આવે. જીવન સાથીના આરોગ્યની ચિંતા સતાવે. સ્ત્રીવર્ગને મદદ મળે. ખર્ચા વધશે.

**વૃષભ (બ,વ,ઉ,):** આવક વધે. ઉધારી ચૂકવી શકાય. નોકરીમાં મનગમતી જગ્યાએ કામ કરવાનું બને. પ્રેમમાં સાથ મળે.

**મિથુન (ક,છ,ઘ,):** વેપાર-ધંધામાં લાભ થાય. નવા રોજગારની પ્રાપ્તિ થાય. મકાન, ઓફિસ વગેરેની ખરીદીની અનુકૂળતા.

**કર્ક (ડ,હ,):** ઇનામ ભેટ મળે. પ્રેમમાં મુલાકાતથી ઉત્સાહ વધશે. બૌદ્ધિક લોકોને મળવાનું બને. વિદેશના કામમાં મદદ મળે.

**સિંહ (મ,ટ,):** હીત શત્રુઓથી સાવધાન રહેવું. અણગમતા સમાચાર મળે. આરોગ્યના ખર્ચા વધે. વીલ વારસામાં વિલંબ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** પરિવાર-કુટુંબ બાબતે શુભ સમાચાર મળે. નાના સભ્યોની પ્રગતિ થાય. વિવાહ લાયકને યોગ્ય પાત્ર મળે.

**તુલા (ર,ત,):** સહકર્મીઓ સાથે વિવાદથી વિરોધ થઇ શકે. ઉતાવળમાં નિર્ણય લેવાનું ટાળવું. પડવા-વાગવાથી સાવધાન.

**વૃશ્ચિક (ન,ય,):** નવા રોકાણ થાય. નોકરીમાં પ્રગતિ થાય. કોઇ વિવાદમાં પડવું નહી. મનોરંજન થાય. નોકરી-ધંધા માટે પ્રયાસ અનુકૂળ રહે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** અટકેલા કામમાં ગતિ આવે. હિત શત્રુઓથી સાવધાન. પારિવારિક સમસ્યા સતાવે. અચાનક શુભ સમાચાર મળે.

**મકર (ખ,જ,):** અચાનક પ્રવાસ થાય. કોઇની વાતોમાં આવવું નહી. અટકેલા કામમાં ગતિ આવે. માનસિક અશાંતિ વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** સંતાનોના કામમાં પ્રગતિ થાય. બૌદ્ધિક કામમાં યશ મળે. નવા આર્થિક રોકાણથી લાભ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** મન પર ભાર રહે. પ્રવાસમાં વિઘ્ન આવે. સમાજમાં ધીરજ રાખવી. નોકરીમાં જવાબદારી વધે.

## કોઈ પણ સાલમાં 08 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં નવા ફેરફાર, ટેકનોલોજી અને નવી જગ્યાએ નવા લોકો સાથે કામથી નવુ શીખવા મળે અને બોજ અને જવાબદારી વધશે. સમાજમાં માન વધે. ઉંમર લાયકને યોગ્ય પાત્ર મળે. તેમજ પ્રેમ વિવાહની વાતમાં મદદ મળે. આર્થિક બાબતે ચડતી પડતી રહે. ઉધરાણી અને આરોગ્યની ચિંતા સતાવે. નવા ઘર, વાહન, મકાનની યોજના મધ્ય વર્ષમાં પાર પડશે. સંતાનોના અભ્યાસ-કેરિયરમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં મદદ મળે. પરીક્ષાની ચિંતા રહે. વિદેશનો કામ ધીમાં પડશે. આવક-વધારવાની યોજનામાં મિત્રો વડીલોનો સાથ મળે. વીલ-વારસા, જાયદાદ જમીન જેવા કામમાં વિલંબ થાય. નોકરી-ધંધા-સમાજ વગેરેના હિત શત્રુઓની હેરાનગતિ સતાવશે. સરકારી કામ, કોર્ટ, કચેરી સહી સિક્કા બાબતે સાવધાની રાખવી. સરકારી નોકરીની યોજનામાં પ્રગતિ થાય. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મ થાય. ડિસેમ્બર, જાન્યુઆરી, ફેબ્રુઆરી શનિ-શુક્રવાર 8,17,26 તારીખે નવા કામ કરવા. કાળો અને ભૂરો રંગ ઉપયોગમાં લેવો. માર્ચ-એપ્રિલ-બુધવાર 7,16,25 તારીખે નવા કામ ટાળવા. સોનેરી રંગનો ઉપયોગ ટાળવો. શનિવારના ઉપાય કરવાય.